RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 342 * Date: 03.10.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

સ્મિત મચ્છર પર હુમલા પાછળ ઈરાનનો હાથ હશે તો બદલો લેશે અમેરિકા! ટ્રમ્પે આપી ચેતવણી



અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફ્લાયદુબઈની ઈઝરાયલ જતી ફ્લાઈટ પર થયેલા હુમલા અંગે ઈરાનને સખત ચેતવણી આપી છે.ૅછઈથી ઈઝરાયલ જતી ફ્લાઈટમાં ઓમાની કોપાયલટે ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર પર હુમલો કરી વિમાનને ૩૩,૦૦૦ ફૂટ પરથી ૧૭,૦૦૦ ફૂટ પર લાવી દીધું હતું. કેપ્ટનની બહાદુરીથી સાઉદી અરેબિયામાં ઈમરજન્સી લેન્ડિંગ થયું. ઈઝરાયલ ગુપ્તચર એજન્સીઓ દ્વારા તપાસ ચાલુ છે.અમેરિકી રાષ્ટ્રપતિ ડાનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો ફ્લાયદુબઈની ઈઝરાયલ જતી ફ્લાઈટને કેશ કરવાનો પ્રયાસ કરનાર કોપાયલટ સાથે ઈરાનનો કોઈ સંબંધ હશે, તો ઈસ્લામિક રિપબ્લિકને ખૂબ જ સખત હુમલાની તૈયારી રાખવી પડશે. ફ્લાઈટમાં રહેલા ૧૮૨ થી વધુ લોકોના જીવન સામે જોખમ ઊભું કરવાના આ પ્રયાસ અંગે પૂછવામાં આવતા ટ્રમ્પે જણાવ્યું કે વર્તમાન માહિતીના આધારે તેઓ આ મામલે તપાસ કરી રહ્યા છે અને જો ઈરાન દોષિત સાબિત થશે તો તેને છોડવામાં નહી આવે.કોપાયલટ દ્વારા હુમલો અને વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગયુએઈથી ઈઝરાયલના તેલ અવીવ જઈ રહેલી બોઈંગ ૭૩૭ સ્છઠ ૮ ફ્લાઈટમાં ઉડાન ભર્યાના અંદાજે ૨.૫ કલાક બાદ આ ગંભીર ઘટના બની હતી. કોપાયલટે (ઓમાની નાગરિક) અચાનક ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર પર હુમલો કર્યો હતો. જેના કારણે વિમાન ૩૩,૦૦૦ ફૂટની ઊંચાઈથી માત્ર ૧ મિનિટમાં ૧૭,૦૦૦ ફૂટ પર આવી ગયું હતું. કોકપિટમાંથી કટોકટીના સંકેત માટે ૭૭૦૦ અને હાઈજેકિંગ માટે ૭૫૦૦ જેવા કોડ મોકલવામાં આવ્યા હતા. લોહીથી લથબથ હોવા છતાં કેપ્ટન સ્મિત મચ્છરે દરવાજો ખોલતા મુસાફરો અને ટ્રેઈની ક્રૂ સભ્યોએ હસ્તક્ષેપ કરીને કોપાયલટને કાબૂમાં લીધો હતો અને વિમાનનું સાઉદી અરેબિયાના તબુકમાં સુરક્ષિત પરંતુ ઈમરજન્સી લેન્ડિંગ કરાવાયું હતું.આંતરરાષ્ટ્રીય તપાસ અને પ્રતિક્રિયાઓઆ ઘટના બાદ સાઉદી અરેબિયાએ શંકાસ્પદ કોપાયલટને યુએઈને સોંપી દીધો છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ દાવો કર્યો છે કે હુમલાખોરે ઈસ્લામિક કટ્ટરવાદી હતો. આ મામલે ઈઝરાયેલી ગુપ્તચર અધિકારીઓ પણ સાઉદી અરેબિયામાં પૂછપરછમાં જોડાયા છે. ફ્લાઈટમાં મોટાભાગના મુસાફરો ઈઝરાયલીઓ હતા, તેમજ ભારત, યુએઈ અને ૪ અમેરિકી નાગરિકો પણ સામેલ હતા. ઈજાગ્રસ્ત થયેલા કેપ્ટન સ્મિત મચ્છર હાલ અબુધાબીમાં સારવાર લઈ રહ્યા છે અને સ્વસ્થ છે. જો કે તેમની બહાદુરીની વિશ્વભરમાં પ્રશંસા થઈ રહી છે.

રશિયા સાથે ભારતની ગાઢ મિત્રતા હોવા છતાં PM મોદી સતત ઉઠાવે છે યુદ્ધ રોકવાનો મુદ્દો! રશિયન પ્રમુખ પુતિનન

રશિયાના રાષ્ટ્રપતિ પુતિને યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવાઁ સ મોદીના પ્રયાસોના વખાણ કર્યા છે. મોસ્કોમાં પુતિને જણાવ્યું કે,ઁ સ મોદીને યુદ્ધનો અંત લાવવામાં ઊંડો રસ છે અને તેમની પાસે સારા વિચારો છે.ઁ સ મોદીએ પુતિન સાથેની મુલાકાતોમાં પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો. ભારતે હંમેશા સંવાદ અને રાજદ્વારી પ્રયાસો દ્વારા શાંતિપૂર્ણ ઉકેલની વાત કરી છે.રશિયા સાથે ભારતની ગાઢ મિત્રતા હોવા છતાં સ મોદી સતત ઉઠાવે છે યુદ્ધ રોકવાનો મુદ્દો! રશિયન પ્રમુખ પુતિનનું નિવેદનયુક્રેન યુદ્ધને લઈને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને વડાપ્રધાન નરેન્દ્રઁ સ મોદીના પ્રયાસોના વખાણ કર્યા છે. પુતિને કહ્યું કે રશિયા સાથે ભારતના સારા અને મૈત્રીપૂર્ણ સંબંધો હોવા છતાંઁ સ મોદી સતત યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવાની જરૂરિયાત અંગે વાત કરે છે. તેમણે કહ્યું કેઁ સ મોદીને યુદ્ધનો અંત લાવવામાં ઊંડો રસ છે અને તેમની પાસે પરસ્પર સ્વીકાર્ય ઉકેલ શોધવા માટે સારા વિચારો છે. ૧ ઓક્ટોબરે રશિયાના મોસ્કો વિસ્તારમાં યોજાયેલા વાલદાઈ ડિસ્કશન ક્લબના પૂર્ણ સત્રમાં પુતિને કહ્યું કે ભારતના વડા પ્રધાન યુક્રેન સંઘર્ષને સમાપ્ત કરવા માટે સતત મુદ્દો ઉઠાવે છે. પુતિનના જણાવ્યા મુજબ, તેમનો અભિગમ તટસ્થ છે, પરંતુ તેમનું મુખ્ય ધ્યાન સંઘર્ષનો અંત લાવવા પર છે. રશિયન રાષ્ટ્રપતિએ શાંતિપૂર્ણ ઉકેલ માટે તેમના પ્રયાસોની પ્રશંસા કરી અને શક્ય તેટલી વહેલી તકે યુદ્ધનો અંત આવે તે માટેના તેમના વલણને આવકાર્યું હતુ.પુતિન સાથેની મુલાકાતોમાં પણ સ મોદીએ ઉઠાવ્યો હતો મુદ્દોઆ નિવેદન સપ્ટેમ્બરમાં નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને પુતિનની મુલાકાતના થોડા સમય બાદ આવ્યું છે. ૧૧ સપ્ટેમ્બરની મુલાકાત દરમિયાન બંને નેતાઓએ દ્વિપક્ષીય સહયોગ ઉપરાંત પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. ઁ સ મોદીએ સંઘર્ષના ઉકેલ માટે સંવાદ અને રાજદ્વારી પ્રયાસોને આગળ વધારવાનો માર્ગ ગણાવ્યો હતો અને શાંતિ સ્થાપવાના પ્રયાસોમાં ભારત સહયોગ આપવા તૈયાર હોવાનું જણાવ્યું હતું. આ મુલાકાતના બે દિવસ બાદ ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે પણ જણાવ્યું હતું કેઁ સ મોદીએ તેમજ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે પુતિન સાથે અલગ-અલગ ચર્ચા દરમિયાન યુક્રેનમાં સમાધાનનો મુદ્દો ઉઠાવ્યો હતો. બંને નેતાઓએ ઉકેલ શોધવાના પ્રયાસોમાં સહયોગ આપવાની તૈયારી દર્શાવી હતી.

મદીનામાં વીજ સપ્લાય બાદ સાઉદીના ઓઈલ ટર્મિનલ પર હુમલો, હુથીઓ પર ભડક્યાં મુસ્લિમ દેશ



યમનના હુથી બળવાખોરોએ સાઉદી અરબના યાન્બુ ઈન્ડસ્ટ્રિયલ પોર્ટ પર આવેલા સાઉદી અરામકોના નોર્થ ટર્મિનલ પર હવાઈ હુમલો કર્યો છે. આ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ઓઈલ ટર્મિનલ પર હુમલાથી આગ લાગી હતી. અગાઉ, મદીના સ્થિત મસ્જિદ-એ-નબવીને વીજળી પૂરી પાડતા તૈયબા પાવર સ્ટેશન પર ડ્રોન હુમલો થયો હતો. આ ઘટનાઓ બાદ પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યો છે.યમનના હુથી બળવાખોરો દ્વારા સાઉદી અરબને નિશાન બનાવવાના આરોપોથી પશ્ચિમ એશિયામાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. મદીના સ્થિત મસ્જિદ-એ-નબવીને વીજળી પૂરી પાડતા તૈયબા પાવર સ્ટેશન પર ડ્રોન હુમલા બાદ હવે સાઉદી અરબના પશ્ચિમ કિનારે આવેલા યાન્બુ ઈન્ડસ્ટ્રિયલ પોર્ટ પર સાઉદી અરામકોના નોર્થ ટર્મિનલ પર હવાઈ હુમલો અને આગ લાગવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઘટના બાદ ગલ્ફ દેશોમાં ભારે આક્રોશ છેઅહેવાલો અનુસાર, સાઉદી અરબના રાતા સમુદ્ર પર સ્થિત યાન્બુ એક મુખ્ય ઔદ્યોગિક અને ક્રૂડ ઓઈલ નિકાસનું કેન્દ્ર છે. આ ટર્મિનલની દૈનિક લોડિંગ ક્ષમતા આશરે ૧.૫ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલની છે. હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ અથવા દરિયાઈ માર્ગોમાં વિક્ષેપની સ્થિતિમાં યાન્બુ સાઉદી અરેબના ઓઈલ નિકાસ માટે વૈકલ્પિક માર્ગ પૂરો પાડે છે. અગાઉ યાન્બુની પરિવહન માળખાકીય સુવિધાઓને નિશાન બનાવાઈ હતી, પરંતુ આ વખતે બંદરની અંદર આવેલા ઓઈલ ટર્મિનલ પર સીધો હુમલો કરાયો હોવાના અહેવાલ છે. દરમિયાન, સાઉદી ગઠબંધને દક્ષિણ ક્ષેત્ર તરફ છોડવામાં આવેલી ૨ બેલિસ્ટિક મિસાઈલો અને ૪ ડ્રોનને તોડી પાડવાનો દાવો કર્યો છે.આગેવાની હેઠળના ગઠબંધનના પ્રવક્તા મેજર જનરલ તુર્કીયે અલ-મલિકીના જણાવ્યા અનુસાર, ડ્રોનના કાટમાળની તપાસ બાદ સ્પષ્ટ થયું છે કે મદીનાના તૈયબા પાવર સ્ટેશન પર હુમલો હુથીઓએ જ કર્યો હતો.



વાવ-થરાદ જિલ્લાના પ્રથમ સ્થાપના દિવસની સાયકલોથોનથી ઉજવણી

વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ૧૫ કિમી સાયકલ ચલાવી 'રન ફોર વાવ-થરાદ'નો સંદેશ આપ્યો



પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતી, ૨જી ઓક્ટોબર, ૨૦૨૬ના પાવન અવસરે આજરોજ નવરચિત વાવ-થરાદ જિલ્લાની સ્થાપનાને સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થયું છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'છેવાડાના વિસ્તારોના સર્વાંગી વિકાસ' અને સરહદી પંથકને વિકાસની મુખ્યધારામાં લાવવાના વિઝનને સાકાર કરતાં, ૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ અસ્તિત્વમાં આવેલા આ સરહદી જિલ્લાએ પોતાના પ્રથમ જ વર્ષમાં સુશાસન ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી છે.આ ગૌરવવંતી ઉજવણીના મુખ્ય આકર્ષણ તરીકે વહેલી સવારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને 'રન ફોર વાવ-થરાદ' અભિયાન અંતર્ગત વિશાળ સાયકલોથોન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાયકલ રેલીને થરાદના ગૌમાતા ચાર રસ્તા ખાતેથી અધ્યક્ષશ્રી તેમજ મહાનુભાવો દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ૧૫કિલોમીટર લાંબી આ સાયક્લોથોન થરાદથી શરૂ થઈ પવિત્ર યાત્રાધામ ઢીમા ખાતે આવેલા ધરણીધર ભગવાનના મંદિર પરિસરે સંપન્ન થઈ હતી. સમગ્ર માર્ગ પર નાગરિકો દ્વારા ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને આ યાત્રા થકી વિકાસ, સ્વાસ્થ્ય, પર્યાવરણ સંરક્ષણ અને એકતાનો પ્રેરક સંદેશ પ્રસરાવવામાં આવ્યો હતો. ખુદ વિધાનસભા અધ્યક્ષએ ૧૫ કિલોમીટર સુધી સાયકલ ચલાવીને સહભાગીઓ અને યુવાનોનો ઉત્સાહ બમણો કર્યો હતો.સરહદી ગામોને દેશના 'પ્રથમ ગામ' ગણી છેવાડાના માનવી સુધી તમામ સરકારી સેવાઓ અને કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવાની પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વહીવટી સરળતાનો નવો યુગ શરૂ થયો છે. સ્થાનિક પ્રજાજનોની વર્ષો જૂની આકાંક્ષાઓ સાકાર થયાના આ ઐતિહાસિક પર્વને સમગ્ર જિલ્લામાં ઉત્સાહ, ઉમંગ અને ગૌરવપૂર્ણ માહોલમાં વધાવવામાં આવ્યો હતો. આ પ્રથમ સ્થાપના દિવસને યાદગાર બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનભાગીદારી સાથે પ્રેરણાદાયી કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જિલ્લાવાસીઓને પ્રથમ સ્થાપના દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ×વાવ-થરાદ જિલ્લો બનવાથી આ સરહદી વિસ્તારમાં વહીવટી પ્રક્રિયાઓ ઝડપી બની છે અને છેવાડાના ગામડાઓ સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચ્યો છે. પ્રથમ વર્ષ હંમેશા પાયાની સુવિધાઓ અને સંગઠનનું વર્ષ હોય છે, જેમાં જિલ્લા વહીવટી તંત્ર અને પ્રજાજનોએ અદ્ભુત સહયોગ દર્શાવ્યો છે.

તંત્રી લેખ

ગોલ્ડ લોન ખાતા હોમ લોન ખાતા સમકક્ષ પહોંચશે


લોકો લોન અથવા ક્રેડિટ મેળવવામાં મુશ્કેલીઓનો સામનો ના કરવો પડે તે માટે લોન મેળવવા માટે તેમના ઘરનું સોનું ગીરવે મૂકવું પડી રહ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા સૂચવે છે કે કુલ ગોલ્ડ લોન ખાતા(એકાઉન્ટ) હવે કુલ હોમ લોન ખાતાના સ્તર સુધી પહોંચવાની તૈયારીમાં છે.રિઝર્વ બેંકના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૭ ના પ્રથમ પાંચ મહિનામાં ગોલ્ડ લોન ખાતામાં ૯૮,૦૯૬ કરોડ ઉમેરવામાં આવ્યા હતા. આ હવે હોમ લોન સ્તરની નજીક પહોંચી ગઈ છે. નોંધનીય છે કે આ સમયગાળા દરમિયાન હોમ લોન ખાતામાં ૯૮,૮૫૮ કરોડ ઉમેરવામાં આવ્યા હતા. જો ગોલ્ડ લોન ખાતા આ દરે વધતા રહેશે, તો તે ટૂંક સમયમાં કુલ હોમ લોન ખાતાઓને વટાવી જશે.

રિઝર્વ બેંકના સેક્ટરલ ક્રેડિટ ડેટા દર્શાવે છે કે ઓગસ્ટ મહિના દરમિયાન ગ્રાહક માંગમાં નોંધપાત્ર વધારો થયો નથી. આ સમયગાળા દરમિયાન, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ક્રેડિટ કાર્ડ બાકી રાખવા માટે લેવામાં આવેલી લોનમાં અનુક્રમે માત્ર ૨.૪% અને ૩.૬%નો વધારો થયો છે. આ વધારો વાર્ષિક ધોરણે દર્શાવવામાં આવ્યો છે.

રિઝર્વ બેંકના ડેટા અનુસાર, એપ્રિલ અને ઓગસ્ટ ૨૦૨૬ની વચ્ચે, બેંક ક્રેડિટ આશરે ૧૦.૩ લાખ કરોડ અથવા ૪.૮% વધીને ૨૨૩.૯ લાખ કરોડ થઈ ગઈ હતી. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ પાંચ મહિનામાં વિવેકાધીન ગ્રાહક ક્રેડિટ વૃદ્ધિ ધીમી પડી હતી. દરમિયાન, સુરક્ષિત રિટેલ લોન, કોર્પોરેટ ક્રેડિટ અને એનબીએફસીને ધિરાણની માંગ મજબૂત રહી હતી.

ઓગસ્ટમાં ક્રેડિટ કાર્ડ બાકી લગભગ ૩ લાખ કરોડ સુધી પહોંચી હતી. પરંતુ નાણાકીય વર્ષ ૨૭ના પ્રથમ પાંચ મહિના દરમિયાન, ફક્ત રૂ. ૪,૭૪૦ કરોડ ઉમેરવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન ગ્રાહક ટકાઉ વસ્તુઓ ખરીદવા માટે લેવામાં આવેલી લોન ૨૩,૨૯૫ કરોડ સુધી પહોંચી હતી, જોકે આ સમયગાળા દરમિયાન ફક્ત ૧,૩૩૩ કરોડનો ઉમેરો થયો હતો.આ સમયગાળા દરમિયાન વાહન લોનમાં પ્રભાવશાળી વૃદ્ધિ જોવા મળી હતી, જે વાર્ષિક ધોરણે ૧૯.૭%ના દરે વધીને ૭.૮ લાખ કરોડ સુધી પહોંચી. આ વર્ષે એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન કુલ ૩૭,૦૨૭ કરોડ મૂલ્યની વાહન લોન લેવામાં આવી હતી.રિટેલ ધિરાણમાં ગોલ્ડ લોનનો હિસ્સો ૫.૬ લાખ કરોડ છે. આ વર્ષે ઓગસ્ટ સુધીમાં, ગોલ્ડ કોલેટરલ સામે ૫.૬ લાખ કરોડ મૂલ્યની લોન લેવામાં આવી હતી. આ વાષક ધોરણે ૮૩.૨% નો વધારો દર્શાવે છે.માત્ર એક વર્ષ પહેલાં, તે ફક્ત ૩ લાખ કરોડની આસપાસ હતી. ફિક્સ્ડ ડિપોઝિટ અથવા એફડી પેપર્સ પર લેવામાં આવેલી લોનમાં પણ વાર્ષિક ધોરણે ૪૩.૨%નો વધારો થયો છે. તે હવે ૨ લાખ કરોડ છે.

અમદાવાદઃ બાપુનગરમાં પતિના ત્રાસથી પરિણીતાનો આપઘાત, 'તું મને ગમતી નથી, મરી જા' કહી દારૂ પી મારઝૂડ કરતો



અમદાવાદના બાપુનગર વિસ્તારમાં ૨૮ વર્ષીય પરિણીતાએ પતિના શારીરિક-માનસિક ત્રાસ અને મેણાં-ટોણાંથી કંટાળી એસિડ પી આપઘાત કર્યો. ઉત્તર પ્રદેશથી આવેલા પિતાએ જમાઈ સૌરભ દોહરે સામે પત્નીને આપઘાત કરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાવી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ?બાપુનગર વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષીય પરિણીતાએ પતિના શારીરિક અને માનસિક ત્રાસ તેમજ સતત મેણાં-ટોણાંથી કંટાળીને પોતાના ઘરે એસિડ પી લેતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પિતાએ ઉત્તર પ્રદેશથી અમદાવાદ આવી બાપુનગર પોલીસ સ્ટેશનમાં જમાઈ સામે પત્નીને આપઘાત કરવા માટે મજબૂર કરવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈકોનોમિસ્ટમળતી માહિતી અનુસાર, ઉત્તર પ્રદેશના કાનપુર દેહાત ખાતે રહેતા તારબાબુ દોહરેની ૨૮ વર્ષીય દીકરી અંકુદેવીના લગ્ન વર્ષ ૨૦૨૩માં સૌરભ દોહરે સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેને બે સંતાનો થયાં હતાં. જોકે, લગ્ન બાદથી જ પતિ સૌરભ અવારનવાર દારૂ પીને અંકુદેવી સાથે ગાળાગાળી તેમજ મારઝૂડ કરતો હતો. પતિ સતત 'તું મને ગમતી નથી, તું મરી જા' કહી માનસિક ત્રાસ આપતો હતો. ત્રાસથી કંટાળીને અંકુદેવી અગાઉ ત્રણ વખત પિયર જતી રહી હતી, પરંતુ સામાજિક સમાધાન બાદ તે પરત સાસરે આવી હતી.૨૩મી સપ્ટેમ્બરના રોજ સવારે સાતેક વાગ્યે સૌરભ ઘરમાં સૂતો હતો, ત્યારે ત્રાસથી કંટાળેલી અંકુદેવીએ જાતે એસિડ પી લીધું હતું. ગંભીર હાલતમાં તેને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. બનાવ બાદ મૃતદેહને અંતિમવિધિ માટે વતન લઈ જવાયો હતો. અંતિમવિધિ પૂર્ણ થયા બાદ મૃતકના પિતાએ અમદાવાદ આવી બાપુનગર પોલીસ સ્ટેશનમાં સૌરભ દોહરે સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને બીએનએસની કલમ ૧૦૮ (આપઘાત માટે દુષ્પ્રેરણ) હેઠળ ગુનો નોંધાવ્યો હતો.મૃતક અંકુદેવીએ આપઘાત કર્યો તેના આશરે પાંચથી સાત દિવસ પહેલાં કોઈ અજાણ્યા નંબર પરથી ઉત્તર પ્રદેશ ખાતે પોતાની માતા ઉષાદેવીને ફોન કર્યો હતો. ફોન પર રડતાં રડતાં અંકુદેવીએ જણાવ્યું હતું કે, 'પતિ સૌરભે દારૂ પીને ખૂબ માર માર્યો છે અને ત્રાસ આપે છે, તેથી મારે હવે અહીં નથી રહેવું, મને જલદી પિયર તેડી જાવ.' ત્યારબાદ માતાએ સમજાવીને થોડા દિવસોમાં તેડવા આવવાનું આશ્વાસન આપ્યું હતું, પરંતુ તે પહેલાં જ પરિણીતાએ અંતિમ પગલું ભરી લીધું હતું.

અમરેલીમાં ખૂંખાર સિંહણનો આતંક!: એક જ રાતમાં ૫ લોકો પર કર્યો હુમલો, ૧૨ કલાકના મેગા ઓપરેશન બાદ પાંજરે પૂરાઈ!

અમરેલીના વડિયા તાલુકાના અરજણસુખ ગામ નજીક એક વિફરેલી સિંહણે ૧૨ કલાકમાં ૪ સ્થળોએ ૫ લોકોને ઘાયલ કર્યા હતા, જેમાં ફોરેસ્ટ ગાર્ડનો પણ સમાવેશ થાય છે. બાઈકસવાર યુવકો પર હુમલાથી આતંક શરૂ થયો હતો. વનવિભાગની ૬ ટીમો દ્વારા સઘન રેસ્ક્યૂ ઓપરેશન બાદ આખરે સિંહણને ટ્રાન્ક્વિલાઈઝર કરી પાંજરે પુરાતા સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો છે.અમરેલી જિલ્લાના વડિયામાં આવેલા અરજણસુખ ગામ અને આસપાસના વિસ્તારમાં વિફરેલી સિંહણે આતંક મચાવ્યો હતો. આ સિંહણે ૧૨ કલાકના એક પછી એક અલગ-અલગ ૪ સ્થળોએ હુમલા કરીને ફોરેસ્ટ ગાર્ડ સહિત ૫ લોકોને લોહીલુહાણ કરી દીધા હતા. ત્યારબાદ વનવિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા રેસ્ક્યૂ ઓપરેશન બાદ બપોરે સિંહણને ટ્રાન્ક્વિલાઈઝર (બેભાન) કરીને પાંજરે પૂરી લેવામાં આવતાં સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો છે.

પહેલી ઑક્ટોબરની રાત્રે તોરી ગામના મેહુલ વાજા અને ભગીરથ બસિયા અરજણસુખ ગામેથી પ્રસંગ પતાવીને બાઇક પર પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન અરજણસુખ ગામના પાટિયા નજીક રસ્તામાં અચાનક સિંહણે તેમના પર હુમલો કરી દીધો હતો. સિંહણના હુમલાને કારણે બંને યુવકો નીચે પટકાયા હતા, જેમાં એકને હાથના ભાગે અને બીજાને પગના ભાગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.મોડીરાતની આ ઘટના બાદ પણ સિંહણનો આતંક અટક્યો નહોતો. તેણે સીમ વિસ્તારમાં વધુ લોકો પર હુમલા કર્યા હતા. સિંહણ માણસોને જોઈને સીધી હુમલો કરવા દોડતી હોવાથી સમગ્ર વિસ્તારમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તપાસ દરમિયાન વનવિભાગના એક ફોરેસ્ટ ગાર્ડ પર પણ સિંહણે હુમલો કરીને તેને ઈજાગ્રસ્ત કર્યા હતા.




રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદના ઈન્કમટેક્સ સર્કલ ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવપૂર્વક નમન કર્યું હતું. આ પ્રસંગે તેમણે મહાત્મા ગાંધીજીના દેશની આઝાદીમાં આપેલા અમૂલ્ય યોગદાન તેમજ તેઓના સત્ય, અહિંસા, સ્વચ્છતા, સ્વદેશી અને આત્મનિર્ભરતાના મૂલ્યોનું સ્મરણ કર્યું હતું.આ અવસરે મહાત્મા ગાંધીજીના સ્વદેશીના વિચારને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે શ્રી વિશ્વકર્માએ ખાદીની ખરીદી પણ કરી હતી. તેમણે ખાદી માત્ર વસ્ત્ર નહીં પરંતુ સ્વદેશી, શ્રમનું સન્માન અને આત્મનિર્ભર ભારતના સંકલ્પનું પ્રતીક હોવાનું જણાવી નાગરિકોને પણ ખાદી તથા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી.આ પ્રસંગે મેયર શ્રી હિતેશભાઈ બારોટ, ભાજપા આગેવાનો, સંગઠનના પદાધિકારીઓ, ધારાસભ્યો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

ડિજિટલ ટ્રાન્ઝેક્શન પેમેન્ટ કરીને વડાપ્રધાનશ્રીના ડિજિટલ ભારત સંકલ્પને વેગ આપ્યો

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ખાદીના ઉપયોગ અને ખરીદીનો વ્યાપ વધારી ગરીબ જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક આધાર આપવા કરેલી અપીલનો પ્રતિસાદ આપતા મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધી જયંતિ અવસરે ગાંધીનગરમાં ખાદી હાટમાંથી ખાદી ખરીદી કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાદી ફોર ફેશન-ખાદી ફોર નેશનના મંત્ર સાથે ખાદીના ઉપયોગ અને ખાદી ખરીદીનો વ્યાપ વધારવાની કરેલી અપીલનો મુખ્યમંત્રીશ્રીએ પ્રતિસાદ આપ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પોરબંદરમાં કીર્તિ મંદિર ખાતે ગાંધી જયંતિ નિમિત્તે યોજાયેલી સર્વધર્મ પ્રાર્થના સભામાં સહભાગી થઈને ગાંધીનગર પરત આવતાવેંત સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના ખાદી ગ્રામોદ્યોગ હાટ પહોંચ્યા હતા. તેમણે આ ખાદી ભંડારામાંથી વિવિધ ખાદી વસ્ત્ર ઉત્પાદનો ખરીદ કરીને ડિજિટલ ટ્રાન્ઝેક્શનને વેગ આપવાના વડાપ્રધાનશ્રીના આહવાન અનુરૂપ ડિજિટલ પેમેન્ટ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાદીના ઉત્પાદનો અને ખાદી ખરીદી દ્વારા ખાદી વણાટ સાથે સંકળાયેલા ગરીબ જરૂરતમંદ પરિવારોના જીવનમાં આર્થિક આધાર આપવાની અનુકરણીય પહેલ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળથી શરૂ કરાવેલી છે.



મહેસાણાના માનવ આશ્રમ વિસ્તાર સ્થિત માનવધર્મ આશ્રમમાં સેવા સેતુ કાર્યક્રમમાં સવારથી જ લોકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.અગાઉ ટી.બી. રોડ સિવિક સેન્ટરમાં યોજાયેલા પ્રથમ સેવા સેતુમાં ૧૪૫૬ લોકો જોડાયા હતા, જ્યારે માનવ આશ્રમ (વોર્ડ નં. ૪)માં યોજાયેલા આ બીજા સેવા સેતુમાં લાભાર્થીઓનો આંકડો વધીને ૧૬૦૮ પર પહોંચ્યો હતો. આ વિસ્તારમાં પ્રથમ વખત યોજાયેલા કાર્યક્રમને મળેલા બહોળા પ્રતિસાદને ધ્યાને ?રાખી મનપા હવે દરેક વોર્ડમાં? આવા કાર્યક્રમો યોજવાનું? વિચારણા હેઠળ રાખી રહી? છે.કાર્યક્રમ દરમિયાન સાંસદ ?હરિભાઈ પટેલ, ધારાસભ્ય? મહેશભાઈ પટેલ અને મેયર ?સોનલબેન ઓઝા સહિતના? આગેવાનોએ મુલાકાત લઈ? આવાસ યોજનાના ૨૫? લાભાર્થીઓને મંજૂરીપત્ર? એનાયત કર્યા હતા.?મનપા સામાન્ય રીતે એડવાન્સ મિલકતવેરા પર ૧૦% રિબેટ આપે છે.

મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર વિધાનસભા ખાતે તેમની પ્રતિમા અને તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરાઈ







રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર વિધાનસભા ખાતે તેમની પ્રતિમા અને તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. 'મેરા જીવન હી મેરા સંદેશ હૈ' નો વિશ્વવ્યાપી સંદેશ આપનાર રાષ્ટ્રપિતાની ૧૫૭મી જન્મજયંતીના અવસરે ગાંધીનગર વિધાનસભા પટાંગણમાં સ્થિત તેમની પ્રતિમા તેમજ વિધાનસભા ગૃહમાં આવેલા તેમના તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યા અને ગાંધીનગરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલે પૂજ્ય બાપુની પ્રતિમા અને તૈલચિત્રને પુષ્પ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, જેની સાથે ઉપસ્થિત મહાનુભાવો, અધિકારીઓ અને નગરજનોએ પણ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.આ પ્રસંગે કસ્તુરબા પી.ટી.સી. કોલેજના ૫૦ તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ તેમજ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના ૫૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પૂજ્ય બાપુને યાદ કર્યા હતા અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રીટાબેન મહેતા, વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ, નગરજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO - 410
વિષય : સર્જક ની મનગમતી રચના
શીર્ષક : મારું ચોમાસુ કયાંક આસ પાસ છે...!
પ્રકાર:પદ્ય, શબ્દ -૧૦૦

ધખતી "ધરા આમ અંગડાઈ ના લે,
ને આકાશે દોડે ના વાદળા,
મઘરાતે ચમકે ના વેરણ વિજલડી,
ને ગગન માં થાયે નાં આમ કડાકા,

અમસ્તો આ દરિયો તોફાને ના ચઢે,
ને રાઘવાયા થાયે ના એનાં પાણી,
ગહેકી ગહેકી એ ગાયે ના ગીત,
અને ગાંડા થઈ નાચે ના મોરલા,
કુવા ના દેડકા ખાબોચિયે આવી,
આમ દેકારાના બોલે ના બોલ,
આવે છે કોણ અને કોનો છે આવકારો,
સખી કાંઈ સમજાય તો બોલ,

ત્યારે આળસ મરડી એ એટલુંજ બોલી,

આજ મોસમ નો મિજાજ કાંઈ ખાસ છે,

ચહેકી ચહેકી ને આ ચાતક કહે છે,
મારું ચોમાસુ કયાંક આસ પાસ છે,

ભૌતિક વાઘેલા.
(રવિરાજ)
ઝીંઝુવાડા
★★★★★★★
NO?G SS NO- 382
વિષય-સર્જકની મનગમતી રચના
રચના:પદ્ય શબ્દ- ૧૨૩
શીર્ષક- વગડાનું સંગીતપ

મસ્ત મોજીલું પંખી ઊડી, ગગને ગાતું ગીત,
આવને છોડી મહેલ માનવી, સાંભળવા વગડાનું સંગીત,

ઊષા ખીલે ને કૂકડો બોલે, પ્રભાત પ્રગટાવે રે પ્રીત,
હાલને મનવા દામોદર ઘાટે, ભૂલશે ચકરાવો રે ચિત્ત,

માણ મધુરી મનગમતી આ વગડાની રે પ્રીત,
આવને ભેરુ સાંભળીએ આ વગડાનું સંગીત,
અનીલ લહરે લતા ઝૂલે, પુષ્પ દલો છે મિત,
પતંગ પરાગ પાવન પ્રેમે, વગડો વહેંચે ખીર,

છલકો ઓ છબીલા તમે ઝીલી વગડાનાં ગીત,
આવને ભેરુ સાંભળએ આ વગડાનાં સંગીત,

આંબા ડાળે કોયલ ટહુકે, છૂપંત છબીલી નિત,
બાંધ હિંચકો મનવા ડાળે, પવન પલાણે પ્રીત,

મંજુલ મંજુલ મંજરીઓ મહેંકતી થઈને મિત,
આવને ભેરુ સાંભળીએ આ વગડાનું સંગીત,

વ્રજની વાટે ગોપ ગોપીઓ, માધવ માખણિયો મનમિત
નાચંત મોરલા કરી ટહુકારા, રાસ બંસરી પ્રીત,

આવને દોડી, મહેલ છોડી, મારા મોંઘેરા મિત
સાંભળીએ આ વગડાનું સંગીત.

રમેશ પટેલ ''આકાશદીપ''
★★★★★★★
NOG SS NO : 408
વિષય : સર્જકની મનગમતી રચના
શીર્ષક : :::- મારે કવિ તો નથી થાવું -::: શબ્દો : ૧૦૪
કૃતિ : પદ્ય

મારે કવિ તો નથી થાવું,
હૃદયની ઊર્મિ વહેંડાવું.

ડુબાડે સાગર વહાણના - વહાણ,
ઝરણું બની ખળખળ ગીત ગાવું.
મારે કવિ તો નથી થાવું,
હૃદયની ઊર્મિ વહેંડાવું.

ગડગડાટ કરે છે પે'લાં વાદળો,
ફક્ત વીજ તણો ચમકારો થાવું.
મારે કવિ તો નથી થાવું,
હૃદયની ઊર્મિ વહેંડાવું.

ના મારે કીર્તિના શિખરો ચડવાં,
બસ સત્યના રસ્તે ચાલતા જાવું.
મારે કવિ તો નથી થાવું,
હૃદયની ઊર્મિ વહેંડાવું.

કોઈના દુઃખમાં બે આંસુ બનીને,
એમનાં હૈયામાં સ્થાન પામવું.
મારે કવિ તો નથી થાવું,
હૃદયની ઊર્મિ વહેંડાવું.

"નવીન" ભલે દુનિયા કહે ગાંડો,
મારે તો ખુદમાં જ મસ્ત રહેવું.
મારે કવિ તો નથી થાવું,
બસ હૃદયની ઊર્મિ વહેંડાવું.ઠ

અરજણભાઈ એસ. પરમાર "નવીન" કોડવાવ (જૂનાગઢ)
★★★★★★ **NOG SS No 387**
વિષય:સજેંકની મનગમતી રચના
શીર્ષક:"ખમૈયા કરોને મોરારી!
પ્રકાર: પદ્ય અછાંદસ, શબ્દો :૧૧૧

મારી જીવન મુરલીમાં વીંધ પડ્યા છે,
મુજ અંતરમાં અહો અરવિંદ મળ્યા છે.
મારી જીવન નૈયા લોને ઊગારી!
બસ, હવે તો ખમૈયા કરોને મોરારી!

કહે માધવ, તું કયા મધુવનમાં છુપાયો?
દ્રૌપદીની જેમ દારુણ નાદ ના સંભળાયો!
ઉદાસી ઉલ્જાવો મારા આતમહારી!
બસ, હવે તો ખમૈયા કરોને મોરારી!

મારી જીવન નૈયા હાલકડોલક થાય,
આંસુની ધારે મારું અંતર વલોવાય.
હતાશા હરોને મારી, ઓ સુદર્શન ધારી!
બસ, હવે તો ખમૈયા કરોને મોરારી!

"લેજે પ્રભુ પરીક્ષા પણ મા બનીને લે,
દેજે આકરી શિક્ષા પણ મા બનીને દે.
પુનિતા પ્રભુ પ્રેમમાં થઈ છે અલગારી!
બસ, હવે તો ખમૈયા કરોને મોરારી!"
પુનિતા બેન -અમદાવાદ
★★★★★★★
NOG SS No - 106
વિષય "મનગમતી રચના"
પ્રકાર-ગદ્ય
શીર્ષક-"એક સપનું"
શબ્દ-૧૯૩

"એક સપનું"
મારાં બાળપણનો , દાદાનાં ઘર આંગણે કોળેલો લીમડો.
સતત યાદ આવે છે.
એતો જાણે ફળિયાનો આધારસ્તંભ હતો!
મારાં શહેરના ફ્લેટમાં,
આજે હું મારાં ઘરના આંગણે કડવો લીમડો વાવીશ.
એ પોતે પોતાની મેળે જ ઊગી નીકળશે. હા,હું થોડું જતન કરીશ.(વહાલ કરીશ) જેથી ફૂલેફાલે.મોટું થાય એવું મોટું થાય,ફૂલવા ફાલવા માંડે.
ડાળીઓ ઉપર કાગડા માળા બાંધશે.
એની વાંકી ચૂંકી ડાળીઓમાં કાગડા માળો બાંધે.ઈંડાં મૂકે. ટહૂકા કરતી કોયલ પોતાનાં ઈંડાં,ઉસ્તાદીથી કાગડાના માળામાં મૂકી જાય.બિચારી કાગડી ઈંડાં તો સેવી લે. એટલામાં તો કોયલનાં ઈંડાં પંખી બની ઊંચાં આકાશે ઊડી જાય! લીમડાની લીંબોડી મને બહુભાવે પાકી જાય એટલે ખાઈશ. છાંયડે બેસી, એનાં પાંદડાંની ડાળખીઓની સળીમાંથી રમકડાં બનાવીશ.
બપ્પૈયો, લક્કડ ખોદ,મેના, પોપટ જુદીજુદી જાતનાં રંગીન પંખીઓ આવીને કલરવ કરશે.
ખિસકોલીઓ સાતતાળી રમતી હોય એમ થડ ઉપર દોડાદોડી કરશે.
ચૈત્રમહિનામાં લીમડાના મોર (બીજ)નું શરબત બનાવી પીશ. દરરોજ સવારે ઊઠીને એક ડાળખી તોડી દાતણ કરીશ.લીલોછમ લીમડો,શુદ્ધ હવાનો સ્રોત બનશે! મારા આરામ અને તંદુરસ્તીનું કારણ બનશે,છતાં પોતે તો સૂરજના તાપમાં તપી પારજાંબલી કિરણો લઈ,પોતાનો ખોરાક બનાવી જીવી લેશે !
આપણને આરામ -તંદરસ્તી-જીવન આપતો રહેશે એ ગરવો લીમડો.
મારો ગમતો કડવો લીમડો.
ગમે તેવી ★ગરમી હોય,
હું એ.સી નહિ જ વાપરું.
મુક્તિદા કુમાર .મુંબઈ
રુપલી
★★★★★★★
NOG SS No. 102.
વિષય:-સર્જકની મનપસંદ રચના.
શીર્ષક :-શ્રાદ્ધ.
પ્રકાર:- પદ્ય. શબ્દ:-૧૪૫.
આવ્યો રૂડો શ્રાદ્ધનો ભાદરવો મહિનો, દેવ ,ગુરુ, પિતૃઓનો ઋણ મુક્તિનો મહિનો.
કરે સૌ શ્રાદ્ધ, ઘરે કે નદી તીરે,
બદ્રીનાથ ,ગંગા ,સરસ્વતી, કાવેરી તીરે,
ગયા, દ્વારકા, પ્રભાસ,કાશી કે મથુરામાં.
જમના ગોદાવરી, ગંગાસાગર, નર્મદા.
મૃત સ્વજનો, બાળકો અને યુવાનો,
સૌભાગ્યવતી, ગંગા સ્વરૂપ, શહીદો,
શસ્ત્રે કપાયા, અપ મૃત્યુ, આપઘાત ,
કોઈપણ રીતે મૃત્યુ પામેલાનું શ્રાદ્ધ.
કુટુંબીજનો પ્રેમથી કરે પૂજા તર્પણ.
દૂધપાક, ખીર ,બાસુંદી, લાડુ ,માલપુવા,
દાળ, ભાત, શાક, પુરી અથાણા,પાપડ,
કચોરી ભજીયા અને વિવિધ ફરસાણો.
ભોજન કરાવે બ્રાહ્મણોને નિયાણાને,
કુટુંબીજનો અને સંબંધીઓને પ્રેમથી,
આપે વસ્ત્રદાન અને દક્ષિણા, પગે લાગી.
આપે તૃપ્ત ભોજનાર્થી રૂડા આશીર્વાદ.
કાઢે સ્વાન ભાગ, ગૌ ગ્રાસ અને કાગવાસ, ખવડાવે સૌને પ્રેમથી.
શ્રાદ્ધનો ભારે મહિમા છે શાસ્ત્રોમાં,
શ્રાદ્ધથી પ્રેત યોની માંથી જીવ મુક્ત થઈ,
આપે ઘણા આશીર્વાદ સુખ-શાંતિ અને સમૃદ્ધિ અર્પે, પ્રેત થઈ કોઈને ન નડે.
સ્વર્ગસ્થ પિતૃઓનું શ્રાદ્ધ કરીને,
ઋણ અદા કરો ,આશીર્વાદ લો,
સંતાન સુખ ,ધન, ધાન્ય, સમૃદ્ધિ,
તંદુરસ્તી, શાંતિ, પ્રગતિનો આ માર્ગ.
રતીલાલ વાયડા (રોડાપાલી, નવી મુંબઈ.)
★★★★★★★
NIG SSN 0089
વિષય:મનગમતી રચના
શીર્ષક :એકલો જાને રે
પ્રકાર:ગદ્ય શબ્દો:૩૫૦

તારી જો હાક સુણી કોઈ ના આવે તો તું એકલો જાને રે"

રવિંદ્રનાથ ટાગોરનું આ કાવ્ય કેટલો સુંદર સંદેશ આપે છે. તેના શબ્દે શબ્દમાંથી જાણે જીવનની વિણાનો સૂર સંભળાય છે. બધિર કાન પણ એ સંદેશને ઝીલી જીવન પ્રેરણાત્મક જીવી શકે ! જીવનનું સંગિત માણવું હોય તો એકલા જીવો. અરે ભલેને સંયુક્ત કુટુંબમાં રહેતા હોઈએ કે પતિ અને પત્ની બે જણા જીવતા હોય. જીવનમાં સાથ અને સહયોગ અતિ મહત્વના છે. ક્યારે ? જ્યારે બે જણા વચ્ચે સુયોગ હોય. દુનિયાની નજરે તમે સુખી હો પણ અંતરની આરસીના શબ્દો તમે જ ઉકેલી શકો .

દરેક સંબંધને એક સીમા હોય છે. આવ્યા એકલા જવાના એકલા. પોતાની જાત સાથે જીવતા શિખવું એ બહુ અગત્યનું છે. એ કળાને આભાર - નિહારીકા રવિયા પ્રાપ્ત કરતા ઘણિવાર આખી જિંદગી હાથતાળી દઈ જાય છે. જેને કારણે તમને કદી ખોટા, નિરાશા જનક વિચારો નહી સતાવે.

એમાં અસત્યનું આચરણ અસંભવ ! જાત સાથે છેતરપીંડી કરશો નહી. અરે, થશે પણ નહી ! તમે આસ્તિક હોયા નાસ્તિક ,કોઈ ફરક નહી પડે ! તમે જુવાન, બાળક કે બુઢા હો, જાત સાથે આંખ મિચૌલી અશક્ય ! અંતરનો અવાજ દબાશે પણ નહી અને સાંભળ્યો ન સાંભળ્યો થશે પણ નહી ! તમને પળવાર પણ ચેન નહી પડે.

તમે એકલા હોવા છતાં પણ ક્યારેય એકલા હોતા નથી ! કેવું વિચિત્ર લાગે છે ને ? પણ તે સત્ય છે. ચાલો એક પ્રયત્ન કરીએ. તમે મોટા રિલાયન્સના સ્ટોરમાં ગયા છે. ત્યાં તમને ધારોકે ચાની ગરણી ગમી ગઈ ! ભાવ જોયો ૪૦૦ રૂપિયા. બાપરે . આજુબાજુ જોયું કોઈની નજર ત્યાં હતી નહી. અરે, નજર તો શું કોઈ વ્યક્તિ પણ ત્યાં હાજર ન હતી. ધીમેથી તમે સરકાવી દીધી, તમારી પર્સમાં. દિલ ધડક ધડક થતું હતું.

કેમ ?

તમને ખાત્રી હતી કોઈએ જોયું નથી. છતાં પણ તમારા મુખ પર ગભરાટની વાદળી રમી રહી હતી. દુકાનની બહાર નિકળતા પહેલા એ વસ્તુ તમે ગમે ત્યાં મૂકી દેશો. તમારો અંતરાત્મા તમારો મિત્ર છે. તમને ખોટું કામ કરતા રોકશે. તમારી સાથેની મૈત્રી તમને પ્રગતિના સોપાન સર કરાવશે. તમને કદી એકલતા સતાવશે નહી.

એકલા જવામાં ભયનું નામોનિશાન નહી જણાય. તમને કોઈ દગો આપી શકે જ નહી ! બાકી દુનિયાના સંબંધો વિશે ન પૂછો તો જ સારું. કરેલા ઉપકારનો આભાર માનવો તો બાજુ એ રહ્યો. તમને દુશ્મન ગણતા પલ ભરનો વિચાર પણ નહી કરે !
પ્રવિનાશ(હ્યુસ્ટન)

મોંએ મીઠા, મનના મેલા: મથાળાં અને તળિયાં વગરના લોકોથી સાવધાન! (સંત સુરા)

હીરાની પરખ તેના પાસાં પરથી થાય છે. ખાણમાંથી કોલસાની સાથે નીકળતો હીરો મૂળ રૂપે બેડોળ હોય છે. ઝવેરી તેને ઘસે છે, તેને મથાળું આપે છે, તળિયું આપે છે, ત્યારે તે લાખોની કિંમતનો બને છે. જે હીરાને મથાળું-તળિયું નથી, તે હીરો નથી, તે માત્ર કાચનો ટુકડો છે.

આ નિયમ હીરાનો જ નથી, માણસનો પણ છે. માણસની કિંમત પણ તેના મથાળા-તળિયા એટલે કે તેના સિદ્ધાંત અને સ્ટેન્ડ પરથી થાય છે. જે માણસને પોતાનો કોઈ સિદ્ધાંત નથી, પોતાનું કોઈ તળિયું નથી, તે માણસ ભરોસાપાત્ર નથી.

આવા મથાળા-તળિયા વગરના લોકોને હું ત્રણ ભાગમાં વહેંચું છું.

પહેલો પ્રકાર: બે મોઢાળા ઝેરી - ચાટુ લોકો. આ લોકો મોંએ મીઠા, મેલા અને મીઢા હોય છે. તેમનું મોં કંઈક બોલે અને મનમાં કંઈક બીજું જ હોય. દિલના ભોળા દેખાય, પણ મનના મેલા હોય. પેટમાં હળાહળ ઝેર ભર્યું હોય. તેઓ તમારી સામે તમારા વખાણ કરશે અને તમારી પીઠ પાછળ તમારી જ નિંદા કરશે. તેમનાથી સાવધાન રહેવું. કારણ કે સાપનો ઝેર તેના દાંતમાં હોય છે, પણ આવા માણસનું ઝેર તેની જીભમાં અને મનમાં હોય છે.

બીજો પ્રકાર: પાંચ મિનિટે પલટી મારનારા. આ લોકોને કોઈ વ્યક્તિ તાર્કિક કારણ વગર એકદમ સારી લાગતી હોય અને પાંચ મિનિટ પછી એ જ વ્યક્તિને તેઓ ગાળ દઈને ધિક્કારતા થઈ જાય. તેમની પાસે કોઈ સ્થિર બુદ્ધિ નથી. સવારે કહે આ માણસ દેવતા છે, સાંજે કહે આ માણસ રાક્ષસ છે. તેમના મનનું કોઈ ઠેકાણું નથી. આવા અસ્થિર મનના માણસો ક્યારેય કોઈનું ભલું કરી શકતા નથી, કારણ કે તેમને પોતાનું જ ભલું શેમાં છે તે ખબર નથી.

ત્રીજો પ્રકાર: સ્ટેન્ડ વગરના સોદાગર. આ સૌથી મોટો વર્ગ છે. તેમની સાથે જો તમે સુરતથી ચાર ધામની જાત્રાએ નીકળો તો અંકલેશ્વર સ્ટેશન સુધીમાં ક્યાં તો એ ઉતરી પડે અથવા તમારે ઉતરી પડવું પડે. કારણ કે તેમનો કોઈ સ્ટેન્ડ જ નથી હોતો. આજે આ પક્ષમાં, કાલે પેલા પક્ષમાં. આજે આ વિચાર, કાલે પેલો વિચાર. જાહેર જીવનમાં આવા લોકો ઘણા જોવા મળે છે. એક અગ્રણી દૈનિકના તંત્રી મહોદય પોતાના અગ્રલેખના પાંચમા વાક્યમાં લખે કે પાકિસ્તાન સાથે તાત્કાલિક યુદ્ધ કરી લેવું જોઈએ અને આઠમા વાક્યમાં લખે કે પાકિસ્તાન સાથે યુદ્ધનો વિચાર પણ કરવો ન જોઈએ! વાચક મૂંઝાઈ જાય.

એક સાહિત્યકારની વાત છે. અપરિણીત હતા. સાંજે પાંચ વાગ્યે પરણવાની વાત કરે, સવા પાંચે સાધુ થવાની વાત કરે અને પાંચને વીસે બીજાને કહે કે મારે લાયક કોઈ છોકરી હોય તો કહેજો! સેશન્સ કોર્ટમાં એક વકીલ પોતાના અસીલને બચાવવા એટલી બધી દલીલો કરે કે ગાડી આડે પાટે ચડી જાય અને અસીલને સજા થઈ જાય.

તાત્પર્ય એ જ છે કે, આવા મથાળા-તળિયા વગરના લોકોથી સમાજે સાવધાન રહેવું. કથાકારો કથા કરતા કરતા ફિલ્મી વાતોને રવાડે ચડી જાય, નેતાઓ સિદ્ધાંતો બદલી નાખે. જે માણસ પોતાના જીવનનું મથાળું-તળિયું નક્કી નથી કરી શક્યો, એ તમારા જીવનનું શું નક્કી કરશે?

અંતે એક જ વાત - હીરો લેવો હોય તો પાસાંવાળો લો, માણસનો સંગ કરવો હોય તો મથાળા-તળિયાવાળાનો કરો! આવા બે મોઢાળા ઝેરી લોકોથી સો ગાઉ દૂર રહો!

લેખક: સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા),સુરત

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સુરત સર્કિટ હાઉસ ખાતે આવતી કાલે શનિવારે નાગરિકો સાથે જનસંપર્ક કાર્યક્રમ યોજશે

સુરતના નાગરિકોની રજૂઆતો અને સમસ્યાઓ સાંભળવા માટે આવતીકાલે શનિવારે બપોરે ૧૨:૩૦ વાગ્યાથી જનસંપર્ક યોજાશે

રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી આવતીકાલે, શનિવારના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યાથી સુરત સર્કિટ હાઉસ ખાતે સુરતના નાગરિકો સાથે એક વિશેષ જનસંપર્ક કાર્યક્રમ યોજશે. પ્રશાસનને લોકોની નજીક લાવવા અને નાગરિકોના પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવાના સંકલ્પ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

આ જનસંપર્ક કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રી સુરતના વિવિધ વિસ્તારોમાંથી આવતા નાગરિકો અને અરજદારોને રૂબરૂ મળીને તેમની સમસ્યાઓ તથા રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળશે. જેમાં સામાન્ય રીતે નાગરિકો સ્થાનિક પ્રશાસન સંબંધિત મુદ્દાઓ, વિકાસલક્ષી કાર્યો, કાયદો અને વ્યવસ્થા તેમજ વ્યક્તિગત મુશ્કેલીઓ સહિતની વિવિધ બાબતો અંગે પોતાની રજૂઆત કરતા હોય છે.

સમસ્યાઓના સુખદ અને ત્વરિત નિરાકરણ માટે સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓને સ્થળ પર જ જરૂરી સૂચનાઓ તથા આદેશો આપવામાં આવે છે, જેથી સામાન્ય નાગરિકોને સરકારી કચેરીઓ સુધી ધક્કા ખાવા ન પડે અને ત્વરિત ન્યાય મળી રહે.

સુરત શહેર તથા જિલ્લાના જે નાગરિકો પોતાની સમસ્યાઓ કે વિકાસલક્ષી સૂચનો રજૂ કરવા માંગતા હોય, તેઓ આવતીકાલે શનિવારે બપોરે ૧૨:૩૦ વાગ્યાથી સુરત સર્કિટ હાઉસ ખાતે ઉપસ્થિત રહી શકે છે.

મંત્રીશ્રી પી. સી. બરંડાના અધ્યક્ષસ્થાને સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત અરવલ્લી જિલ્લામાં દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો



સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સેવા મારું યોગદાનના ભાગરૂપે અરવલ્લી જિલ્લા સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા દિવ્યાંગ સાધન સહાય તથા અન્ય લાભ વિતરણ કાર્યક્રમનું આયોજન મોડાસા ખાતે આવેલ વા. હી. ગાંધી બહેરાં-મૂંગા શાળા ખાતે કરવામાં આવ્યું હતું.

રાજ્યકક્ષાના મંત્રીશ્રી પી. સી. બરંડા, આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠા તથા ગ્રાહકોને લગતી બાબતોના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના કુલ ૪૧૮ દિવ્યાંગ લાભાર્થીઓને રૂ. ૧૮,૦૭,૫૫૦ની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.રાજય સરકાર દ્વારા દિવ્યાંગજનોના કલ્યાણ, સામાજિક સુરક્ષા અને સશક્તિકરણ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. પાત્ર દિવ્યાંગ લાભાર્થીઓને સરકારની યોજનાઓનો લાભ સરળતાથી અને અસરકારક રીતે મળી રહે તે હેતુસર આયોજિત આ કાર્યક્રમમાં દિવ્યાંગ સાધન સહાય સહિતના વિવિધ લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે પાત્ર લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા દિવ્યાંગજનો સહિત સમાજના જરૂરિયાતમંદ અને પાત્ર લાભાર્થીઓ સુધી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો પહોંચાડવા માટે કરવામાં આવતી કામગીરી અંગે પણ માહિતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમના માધ્યમથી દિવ્યાંગજનોના કલ્યાણ અને સશક્તિકરણ માટે રાજય સરકારની પ્રતિબદ્ધતાને વધુ સુદઢ બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મયુર પટેલ , જિલ્લા વિકાસ અધિકારીશ્રી મહેક જૈન, મોડાસા ધારાસભ્યશ્રી ભીખુસિંહજી પરમાર, નગરપાલિકા પ્રમુખશ્રી જયશ્રીબેન પટેલ સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગાંધી જયંતીની ભાવભેર ઉજવણી



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે અરવલ્લી જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રોમાં વિવિધ પ્રવૃત્તિઓ સાથે ગાંધી જયંતીની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. ગાંધી જયંતીની ઉજવણીના ભાગરૂપે આંગણવાડી કેન્દ્રોમાં બાળકો દ્વારા મહાત્મા ગાંધીજી તથા સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનુભાવોની વેશભૂષા ધારણ કરી વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. નાના ભૂલકાઓએ ગાંધીજીના વેશમાં સજ્જ થઈ ગાંધીજીના સત્ય, અહિંસા, સાદગી અને સ્વચ્છતાના સંદેશને સુંદર રીતે રજૂ કર્યો હતો.આ પ્રસંગે આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનો દ્વારા બાળકોને મહાત્મા ગાંધીજીના જીવન, વિચારો અને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાન અંગે બાળસહજ રીતે માહિતી આપવામાં આવી હતી.આ પ્રકારની પ્રવૃત્તિઓના માધ્યમથી નાની વયથી જ બાળકોમાં રાષ્ટ્રપ્રેમ, સ્વચ્છતા, શિસ્ત, સત્ય અને અહિંસા જેવા મૂલ્યોનું સિંચન થાય તથા મહાત્મા ગાંધીજીના જીવન અને વિચારો સાથે બાળકો પરિચિત બને તેવો ઉદ્દેશ્ય સાકાર કરવામાં આવ્યો હતો.અરવલ્લી જિલ્લાના વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં યોજાયેલી આ ઉજવણીમાં આંગણવાડી કાર્યકરો, તેડાગર બહેનો તથા બાળકોએ ઉત્સાહપૂર્વક સહભાગી બની ગાંધી જયંતીને યાદગાર બનાવી હતી.

શામળાજી ખાતે નવી વંદે ભારત એક્સપ્રેસનું સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયાની ઉપસ્થિતિમાં સ્વાગત



અરવલ્લી જિલ્લાના શામળાજી રેલવે સ્ટેશન ખાતે સુરત–ઉદયપુર નવી વંદે ભારત એક્સપ્રેસના આગમન પ્રસંગે ભવ્ય સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અરવલ્લી લોકસભાના સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા ઉપસ્થિત રહી વંદે ભારત એક્સપ્રેસનું સ્વાગત કર્યું હતું.શામળાજી રેલવે સ્ટેશન ખાતે નવી વંદે ભારત એક્સપ્રેસના સ્વાગત પ્રસંગે સ્થાનિક આગેવાનો, રેલવે વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. નવી વંદે ભારત ટ્રેન સેવા શરૂ થતાં અરવલ્લી જિલ્લાના શામળાજી સહિત ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત વચ્ચેની રેલ કનેક્ટિવિટીને વધુ વેગ મળવાની સાથે પ્રવાસન અને ધાર્મિક પ્રવાસને પણ પ્રોત્સાહન મળશે.

આ પ્રસંગે સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયાએ નવી રેલ સેવા માટે આનંદ વ્યક્ત કરી ઉપસ્થિત સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. શામળાજી ખાતે વંદે ભારત એક્સપ્રેસના આગમનને સ્થાનિક નાગરિકો દ્વારા ઉત્સાહપૂર્વક આવકારવામાં આવ્યું હતું.ત્યારબાદ સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા સહિત ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરે દર્શન કરી ધજા ચડાવી હતી. નવા રેલ જોડાણથી શામળાજી યાત્રાધામના પ્રવાસન અને યાત્રાળુઓની સુવિધામાં વધુ વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી.

Blood Donation Camp at Porbandar on National Voluntary“Blood Donation



Day-01 Oct 26““On the occasion of National Voluntary Blood Donation Day, Indian Coast Guard organised a Blood Donation Camp at Porbandar in coordination with Local Administration, Lions Club, NCC, Sandipani School, CISF, Shri Ram Sea Swimming Club, Saurashtra Chemicals, Agriculture College, SSB, AAI, Medical College, Mehar Samaj, Mehar Shakti Sena, Kharwa Samaj, Brahma Kumaris, Gujarat Maritime Board (GMB), Forest Department and Fern Hotels. Dr Sushil Kumar, Dean GMERS Medical College, Porbandar inaugurated the Camp. The initiative was aimed at promoting voluntary blood donation and creating greater awareness about the importance of regular blood donation in saving precious lives.“Approximately 200 volunteers from the participating organisations, along with Indian Coast Guard service personnel, enthusiastically participated in the camp and donated blood. The collective participation of personnel from various government departments, educational institutions, community organisations and local establishments reflected the strong spirit of community partnership and social responsibility at Porbandar. The initiative also highlighted the vital contribution of voluntary blood donors in ensuring the availability of blood for patients requiring transfusion during medical emergencies, surgeries and treatment.“The Indian Coast Guard expressed its sincere appreciation to all participating organisations, volunteers, medical teams and supporting agencies for their wholehearted cooperation and contribution towards the successful conduct of the camp. The event reaffirmed Indian Coast Guard's commitment towards community welfare, humanitarian assistance and service to society, in keeping with its ethos of *“Vayam Rakshamah – We Protect.” The enthusiastic participation on National Voluntary Blood Donation Day reinforced the message that a voluntary blood donation can become a lifeline for someone in need.

ચાણસ્મામાં ગાંધી જયંતિએ મામલતદાર કચેરીમાં સ્વચ્છતા અભિયાન

૨ ઓક્ટોબરે સ્વચ્છતાના હિમાયતી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ મનાવવામાં આવી. ચાણસ્મા સહિત તાલુકાની શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી કચેરીઓમાં શ્રમદાન અને સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા બાપુને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે મામલતદાર વી.એસ. ગઢવીની હાજરીમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ થયો. જેમાં પાલિકા પ્રમુખ પ્રતિક્ષાબેન પટેલ, મામલતદાર રમેશભાઈ, કૌશિકકુમાર પ્રજાપતિ, રેખાબેન સહિત કચેરીના કર્મચારીઓએ શ્રમદાન કર્યું.ઝીલિયા ગાંધી આશ્રમ ખાતે પ્રખર ગાંધીવાદી પદ્મશ્રી માલજી દાદાની હાજરીમાં ગાંધી બાપુને સુતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ અપાઈ. આ ઉપરાંત, ગાંધી આશ્રમ ઝીલિયાના અગ્રણી (આચાર્ય) જશુભાઈ દેસાઈએ બાપુના સત્ય અને અહિંસા જેવા ગુણોનું પ્રવચન આપી શ્રદ્ધાંજલિ આપી.



તારીખ ૨૯ સપ્ટેમ્બર ના રોજ ભવન્સ કોલેજ આયોજિત અને ઈન્ફોસિસ પ્રસ્તુત હિન્દી નાટક " આખરી પન્ના " ભજવાઈ ગયું. સોહમ જોશી લિખિત , રાજ કરમચંદની નિર્મિત અને પ્રકાશ જોશી દિગ્દર્શિત આ નાટક માં પ્રેમ અને વિશ્વાસ ની વચ્ચે રચાતા માનવીય સંબધો માં કેન્સર જેવી બીમારી શું પરિણામ લાવે છે !! એવા દર્દનાક સંજોગો છેલ્લે માણસ ને કયા લઈ જાય છે ? આવા કથાબીજ ધરાવતા આ નાટક ને આબાલવૃદ્ધ એ નવાજ્યુ છે . જોવા જેવું હિન્દી નાટક આખરી પન્ના !!

ગાંધીનગર જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક શ્રી દિલીપભાઈ ગજ્જર નિવૃત્ત થયા



ગાંધીનગર જિલ્લા માહિતી કચેરી ખાતે નાયબ માહિતી નિયામક તરીકે નિષ્ઠાપૂર્વક સેવાઓ આપનાર શ્રી દિલીપભાઈ ગજ્જર સ્વૈચ્છિક નિવૃત્ત થતાં તેમનો ભાવભીનો વિદાયમાન સમારંભ યોજાયો હતો. વિદાયમાન પ્રસંગે ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રી ગજ્જરને ઉત્તમ સ્વાસ્થ્ય અને સુખી, નિવૃત્ત જીવન માટે હૃદયપૂર્વકની મંગલ કામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ખાતાના સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશભાઈ દવે , નાયબ માહિતી નિયામક સર્વશ્રી પારુલબેન મણિયાર, શ્રી માનસીબેન દેસાઈ, શ્રી નિત્યા ત્રિવેદી, શ્રી મોના ગલસર, શ્રી લાલજીભાઈ ચાવડા તથા સહકર્મચારીઓએ શ્રી દિલીપભાઈ ગજ્જર સાથેના દીર્ઘ કાર્યકાળ દરમિયાનના મધુર સંસ્મરણો અને અનુભવો વાગોળ્યા હતા.

વક્તાઓએ તેમની કાર્યશૈલી, વિષય પરની પકડ, કામગીરીમાં પારદર્શિતા, નેતૃત્વ ગુણ અને સ્ટાફ પ્રત્યેના સહાનુભૂતિપૂર્વકના વ્યવહારની સરાહના કરી હતી. શ્રી દિલીપભાઈ ગજ્જરને માહિતી ખાતાના અધિકારીઓ, કર્મચારીઓ તથા જિલ્લા માહિતી કચેરીના સ્ટાફ દ્વારા પુષ્પવર્ષા કરી, ભેટ-સોગાદો અર્પણ કરી સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી હતી.

૨૬ વર્ષની દીર્ઘ સરકારી સેવા દરમિયાન શ્રી દિલીપભાઈ ગજ્જરે માહિતી ખાતાની છબી વધુ ઉજ્જવળ બનાવવામાં આપેલું અમૂલ્ય પ્રદાન અને તેમનો નિષ્ઠાવાન કાર્યકાળ કચેરીના અન્ય કર્મચારીઓ માટે સદા પ્રેરણાદાયી રહેશે. વિદાયના આ ભાવુક ક્ષણે સમગ્ર કચેરી પરિવારે ભારે હૃદયે પરંતુ ગૌરવપૂર્ણ સ્મૃતિઓ સાથે તેમને નિવૃત્ત જીવનની નવી ઇનિંગ્સ માટે શુભકામનાઓ અર્પણ કરી હતી.હારીકા રવિયા

આજે ૩૭૬ વૃદ્ધાશ્રમો ગુજરાતમાં : બે વર્ષમાં ૧૪૦ વધ્યા

અમદાવાદ : ગુજરાતમાં સંયુક્ત પરિવારની પરંપરાગત વ્યવસ્થા ધીમે ધીમે બદલાઈ રહી છે અને તેની સીધી અસર સમાજના વૃદ્ધોના જીવન પર જોવા મળી રહી છે. સંતાનો નોકરી, ધંધા કે અભ્યાસ અર્થે વિદેશ અથવા અન્ય શહેરોમાં સ્થાયી થવાથી એકલા પડી જતા માતા-પિતા માટે હવે વૃદ્ધાશ્રમો જ એકમાત્ર આશરો બની રહ્યા છે. રાજ્યમાં અગાઉ માત્ર નિરાધાર કે અસહાય વૃદ્ધો જ ઘરડાઘરમાં જતા હતા, પરંતુ હવે ખાનગી, ટ્રસ્ટ સંચાલિત અને લક્ઝુરીયસ સિનિયર કેર હોમ્સનું ચલણ અભૂતપૂર્વ રીતે વધી ગયું છે.

બિઝનેસ-લિસ્ટિંગના ૨૦૨૬ના તાજેતરના ડેટા અનુસાર, ગુજરાતમાં પ્રાઈવેટ અને સંસ્થાકીય મળીને આશરે ૩૭૬ જેટલા વૃદ્ધાશ્રમ, સિનિયર લિવિંગ અને સંબંધિત કેર સેન્ટર નોંધાયેલા છે. બે વર્ષ પહેલાં ઉપલબ્ધ અહેવાલો મુજબ આ સંખ્યા ૨૩૫ જેટલી હતી. આમ, છેલ્લા બે વર્ષના સમયગાળામાં જ ૧૪૦ જેટલી નવી સંસ્થાઓનો ઉમેરો થયો છે, જે દર્શાવે છે કે રાજ્યમાં સરેરાશ દર પાંચ દિવસે એક નવું ઘરડાઘર આકાર લઈ રહ્યું છે.

હવે માત્ર વિશાળ જગ્યા ધરાવતા ટ્રસ્ટો જ નહીં, પરંતુ મોટા શહેરોના પોશ વિસ્તારોમાં આવેલા ખાનગી બંગલા અને તેનામેન્ટ્સમાં પણ નાના-નાના વૃદ્ધાશ્રમો અને આસિસ્ટેડ લિવિંગ સેન્ટરો શરૂ થઈ ગયા છે. અમદાવાદ આ બદલાતા ટ્રેન્ડનું સૌથી મોટું કેન્દ્ર બન્યું છે, જ્યાં લિસ્ટિંગ ડેટા મુજબ સૌથી વધુ ૮૬ સંસ્થાઓ કાર્યરત છે. આ ઉપરાંત સુરતમાં ૬૩, વડોદરામાં ૪૮, રાજકોટમાં ૨૩ અને જૂનાગઢમાં ૧૭ જેટલી સંસ્થાઓ નોંધાઈ છે. માત્ર ચાર મુખ્ય મહાનગરોમાં જ ૨૨૦થી વધુ વૃદ્ધ સંભાળ કેન્દ્રો આવી ગયા છે. અમદાવાદમાં એક સમયે માત્ર ૧૫ વૃદ્ધાશ્રમ હતા, જે વધીને ૬૮ અને હવે સિનિયર લિવિંગ સેન્ટરો સાથે ૮૬ સુધી પહોંચી ગયા છે. બદલાતી જીવનશૈલી અને વિભક્ત કુટુંબ પ્રથા વચ્ચે વૃદ્ધો માટેની આ સેવાઓનો વ્યાપ દિન-પ્રતિદિન વધતો જઈ રહ્યો છે.- - વસંત મહેતા (સિનિયર પત્રકાર -લેખક)

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat